**નેત્રંગના મ્હે. જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં નેત્રંગ**

**ફો.કે.નં. ૫૭૬/૨૦૨૬**
**આંક–**

**ફરીયાદી :– શ્રી સરકાર**
**વિરૂધ્ધ**
**આરોપી :– વિપુલભાઈ જીરાભાઈ વસાવા**

**ગુનો :– એમ.વી.એકટની કલમ–૧૮૫ તથા ગુજરાત નશાબંધી ધારાની કલમ–૬૬(૧)બી**

**<u>–: ચુ કા દો:–</u>**

(૧) ફરીયાદી પક્ષના કેસની ટૂકમાં હકીકત એવી છે કે આરોપી સામે એમ.વી. એકટની કલમ–૧૮૫ તથા ગુજરાત નશાબંધી ધારાની કલમ–૬૬(૧)(બી) મુજબના શિક્ષાને પાત્ર ગેના અંગે ઈન્સાફી કાર્યવાહી કરવા માટે સંબધિત પોલીસ સ્ટેશન ધ્વારા ચાર્જશીટ કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવેલ છે. સદરહુ ચાર્જશીટ જોતા તેમાથી એ સ્પશ્ટ થાય છે કે, આરોપીએ ચોકકસ સમયે અને જગ્યાએ જાહેરમાં પાસ પરમીટ વગર કેફી પ્રવાહી પીધેલ હાલતમાં મળી આવેલ છે.

(૨) આરોપી કોર્ટ રૂબરૂ હાજર થતા તેઓને પોલીસ પેપર્સની નકલો માફત આપ્યાની ખાત્રી કરેલ છે.

(૩) આરોપી વિરૂધ્ધ પ્લી રેકર્ડ કરતા ગુનો કબુલ હોવાનુ જણાવેલ છે.

(૪) આરોપીના ગુના કબુલાત પુરસીસ આપી એમ જાહેરાત કરેલ છે કે મારો આ પ્રથમ ગુનો છે અને સામાન્ય વર્ગના છીએ, અમારે કોઈ સ્થિળ ધંધો નથી, અમો અમારૂ તેમજ અમારા કુટુંબનુ ગુજરાન કરી શકીએ તેવી સ્થિતીમાં ન હોવાથી અને તનાવમાં દારૂ પીધેલ હાલતમાં કોઈ ઉપદ્રવ કરેલ નથી, અસભ્ય વર્તન કરેલ નથી, અશીષ્ટ ભાષા વાપરેલ નથી,ઝઘડો કરેલ નથી કે મારામારી કરેલ નથી અને આ મુજબનો અમારા વિરુધ્ધ આક્ષેપ પણ નથી. ચાર્જશીટમાં જાહેર રસ્તામાં વગર પાસ પરમીટે દારૂ પીધેલ હાલતમાં છાટકો બની લથડીયા ખાતો મળી આવ્યાનો માત્ર આક્ષેપ છે. ટ્રાયલ ચાલતા દરમ્યાન અમારે વારંવાર કોર્ટમાં આવવાની જરૂર પડે. આ અમારો પ્રથમ ગુનો હોય અમો અમારી ભુલ સુધારવા માંગીએ છીએ અને કોર્ટની કાર્યવાહીમાં સમય અને નાણાંનો વ્યય અમારો તથા કોર્ટનો ન થાય તેવા ઉદેશથી નમ્ર માફી આપવા રહેમ રાખવા અરજ ગુજારીએ છીએ.

આરોપીએ ખરેખર સ્વેચ્છાએ ગુનો કબુલ કરતો હોવાથી ખાત્રી કરવામાં આવે છે.

(૫) આરોપીનો સમય, ફરીયાદ પોલીસ સરકારી વકીલનો સમય, સરકારી સાહેદોનો સમય તથા કોર્ટનો સમય તથા ખર્ચ જે આ ટ્રાયલ પાછળ વ્યતિત થાય અને ટ્રાયલને અંતે આરોપી કસુરવાર ઠરે ત્યારે સજા અંગે ન્યાયીક હુકમ કરવામાં આવે છે. તેના બદલે જો આરોપી પ્રથમ મુદતે હાલનો ગુનો કબુલે છે ત્યારે તેણે ગુના કબુલ સંદર્ભે રજુ થયેલી હકીકતોની સાથે સરકાર તથા કોર્ટનો અને પક્ષકારનો જે સમય બચે છે તે અન્ય ગંભીર ગુનાની ટ્રાયલમાં ઉપયોગ કરી શકાય તેમ હોય ઉપરાંત આરોપી જયારે પસ્તાવા સાથે ગુનાની કબુલાત કરતો હોય ત્યારે રેકર્ડ ઉપર આવેલી તમામ હકીકતો અને તમામ પરિસ્થિતિઓને ધ્યાને લઈ તેમજ '' ગુજરાત રાજય વિ. નટવર હરચંદજી ઠાકોર ૨૦૦૫ (૧) જી.એલ.આર ૭૦૯'', ચુકાદામાં નામ. વડી અદાલતે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લઈ નકકી કરેલી ઓછામાં ઓછી સજા કરતા ઓછી સજા કરીને ઓછામાં ઓછો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે તો ન્યાયનું હીત જળવાઈ રહે તેમ હોઈ ઉપરોકત સંજોગો ધ્યાને લઈ આરોપીને દોષીત ઠરાવી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>–: હુકમ:–</u>**

આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ –૨૫૨ અન્વયે તકસીરવાન ઠરાવી એમ.વી. એકટની કલમ ૧૮૫ મુજબના ગુન્હા બદલ કોર્ટ ઉઠતા સુધીની સજા તથા રૂા/– ૧૦૦૦ ( અંકે રૂપિયા એક હજાર પુરા) તથા ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)બી મુજબના ગુન્હા બદલ રૂા/– ૧૦૦( અંકે રૂપિયા એકસો પુરા) કુલ રૂ. ૧૧૦૦/– (અંકે રૂપીયા એક હજાર એક સો પુરા) નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે અને જો દંડ ન ભરે તો દિન –૧૦ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

આ કામે કબ્જે કરવામાં આવેલ મુદામાલ વાહન અંગે જો કોઈ વચગાળાનો હુકમ કરવામાં આવેલ હોય તો તે શરતો વિના કાયમ રાખવામાં આવે છે અને જો કોઈ વચગાળાનો હુકમ થયેલ ન હોય તો વાહન ની માલીકી અંગે ખરાઈ કરી મુળ માલીકને પરત કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ ૧૧ મી માહે જુલાઈ સને ૨૦૨૬ ના રોજ સ્પે. સીટીંગમાં વાંચી,સંભળાવી જાહેર કયો

**નેત્રંગ.**
**તા.૧૧/૦૭/૨૦૨૬**
**લોક અદાલત–સ્પે.સીટીંગ**

**(એચ.આર.ખમલ)**
**જયુડીશીયલ મેજીસ્ટ્રટ ફર્સ્ટ કલાસ,**
**નેત્રંગ**
**જજ કોડ–જી.જે.૦૧૭૪૯**

દંડ રજીસ્ટર નંબર..........પહોંચ નં........... થી દંડની રકમ રૂા.૧૧૦૦/– અંકે રૂપીયા એક હજાર એકસો પુરા જમા લીધા.